Toronto District School Board

ઓગસ્ટ 26, 2020

પ્રિય માતાપિતા/વાલીઓ અને પરિવારો,

ઓગસ્ટ 21 ના રોજ, બધા TDSB માતાપિતા/વાલીઓને સપ્ટેમ્બરમાં સ્કૂલે પરત આવવાની માહિતી વિશે એક પત્ર મોકલવામાં આવ્યો હતો, અને અમે તમને આજે ખાસ શિક્ષણની જરૂરિયાતવાળા બાળકો ધરાવે છે તેવા માતા-પિતા/વાલીઓ માટે વધારાની માહિતી વિશે લખી રહ્યા છીએ. અમે જાણીએ છીએ કે જ્યારે અમે TDSB સ્કૂલ ખોલીશું અને થોડા અઠવાડિયામાં વિદ્યાર્થીઓને પરત બોલાવીશું ત્યારે શું અપેક્ષા રાખવી તે વિશે તમે વધુ ચિંતિત છો, તેથી અમે તમને આ વિગતવાર અપડેટ પ્રદાન કરવા માગીએ છીએ.

અમે પ્રારંભ કરીએ તે પહેલા, અમે તમારા સતત ધૈર્ય માટે આભાર માનીએ છીએ, કારણ કે અમે સ્કૂલમાં સલામત રીતે પરત આવવા માટે જરૂરી બધી યોજનાઓ દ્વારા કાર્ય કરીએ છીએ અને વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે કાર્યરત છીએ. આ સરળ અથવા સીધી પ્રક્રિયા નથી રહી અને જેમ આગળ વધીએ છીએ તેમ અમે તમારી નિરંતર સમજ અને વિશ્વાસની કદર કરીએ છીએ. કૃપા કરીને જાણો કે અમે બધા વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પરિવારોને સલામત અને સ્વસ્થ રાખવા સ્કૂલમાં સલામત રીતે પરત આવવાની યોજના અસરકારક રીતે ઘડવા માટે અમે જે કરી શકીએ તે બધું જ કરી રહ્યા છીએ.

TDSB, વિકલાંગ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ, સંસાધનો અને તકોની સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે, અને COVID-19 રોગચાળા દરમિયાન આ કાર્ય થતું રહ્યું છે. કૃપા કરીને વધારાની માહિતી, જે ખાસ શિક્ષણની જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ છે, માટે નીચે જુઓ.

**વિલંબિત પ્રારંભ: મંગળવાર, સપ્ટેમ્બર 15**

સ્કૂલમાં સલામત રીતે પરત આવવા તૈયારી કરવા માટે જરૂરી સમય આપતાં, TDSB એ સ્કૂલનો પહેલો દિવસ (પ્રારંભિક, માધ્યમિક અને વર્ચ્યુઅલ સ્કૂલ માટે) **મંગળવાર, સપ્ટેમ્બર 15** ના રોજ નિયત કર્યો છે.

જોકે તમામ ગ્રેડના લોકો માટે પ્રવેશ ત્રણ દિવસોમાં અલગ-અલગ સમય પર રાખવામાં આવશે, ત્યારે ***ખાસ શિક્ષણની જરૂરિયાતવાળા તમામ વિદ્યાર્થીઓ મંગળવાર, સપ્ટેમ્બર 15, ના રોજ સ્કૂલે જવાનું શરુ કરશે*** આમાં તમામ એલિમેન્ટરી અને સેકન્ડરી કોન્ગ્રેગેટેડ સાઇટ અને સેકન્ડરી સ્કૂલમાં રાખવામાં આવેલા વિકાસલક્ષી વિકલાંગો માટે સઘન સહાય કાર્યક્રમ ( Developmental Disabilities Intensive Support Programs, ISP) ના વિદ્યાર્થીઓ શામેલ છે. વિશેષ શિક્ષણની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ કે જેઓ સ્કૂલે બસમાં આવે છે, તેમની માટે પણ પ્રારંભ તારીખ સપ્ટેમ્બર 15 હશે.

**<u>માસ્ક/ફેસ કવરિંગ માર્ગદર્શિકા</u>**

તમામ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને TDSB બિલ્ડિંગમાં અને સ્કૂલ બસોમાં માસ્ક/ફેસ કવરિંગ પહેરવાની જરૂર પડશે, તેમ છતાં, અમે સ્વીકારીએ છીએ કે અમારા કેટલાક વિદ્યાર્થીઓને તબીબી, સંવેદનાત્મક અથવા અન્ય કારણોસર છૂટની જરૂર રહેશે. માતા-પિતા/વાલીઓને માસ્ક અથવા ફેસ કવરિંગ સંબંધિત કોઈપણ છૂટ અથવા સગવડની ચર્ચા સીધી સ્કૂલ સાથે કરવાનું કહેવામાં આવે છે.

અમારી વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સલામતી (Occupational Health & Safety) ટીમ અમારા સ્ટાફ અને જરૂરી વિદ્યાર્થીઓ માટે પારદર્શક માસ્ક ખરીદવાનું કામ કરી રહી છે. માસ્ક/ફેસ કવરિંગ વિશેની વધારાની માહિતી ટૂંક સમયમાં માતાપિતા/વાલીઓ સાથે શેર કરવામાં આવશે.

**<u>શિક્ષણ મોડલ</u>**

### એલિમેન્ટરી

એલિમેન્ટરી વિશેષ શિક્ષણના સઘન સહાય કાર્યક્રમો (ISP) ના વર્ગો ISP કાર્યક્રમને (પ્રતિભાશાળીને બાકાત કરતાં) આધારે 6-16 વિદ્યાર્થીઓ વચ્ચે સીમિત રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓ સપ્તાહમાં 5 દિવસ એક સમૂહ/જૂથમાં સંપૂર્ણ દિવસ માટે સ્કૂલમાં હાજર રહેશે, જેમાં રિસેસ અને લંચનો સમાવેશ થાય છે.

આમાં અમારી છ એલિમેન્ટરી મંડળની સાઇટ શામેલ છે: બેવરલી સ્કૂલ, લ્યુસી મેકકોર્મિક સિનિયર સ્કૂલ, પાર્ક લેન પબ્લિક સ્કૂલ, સેનેકા સ્કૂલ, સની વ્યુ જુનિયર અને સિનિયર પબ્લિક સ્કૂલ, અને વિલિયમ જે મેકકોર્ડિક.

અમે જાણીએ છીએ કે કેટલાક વિદ્યાર્થીઓ શારીરિક અંતરને વધારવામાં સહાય માટે ઉપયોગમાં લેવાતા ઉન્નત સ્વાસ્થ્ય અને સલામતીના પ્રોટોકોલથી પડકારોનો સામનો કરી શકે છે. આ ચિંતાઓને દૂર કરવા માટે, સ્કૂલ આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓ અને સ્ટાફને શ્રેષ્ઠ સહાય આપવા માટેની વ્યૂહરચનાઓનું અન્વેષણ કરવા માટે પરિવારો અને વિશેષ શિક્ષણ અને સમાવિષ્ટ સલાહકારો સાથે મળીને કામ કરશે.

### સેકન્ડરી (ગ્રેડ 9 થી 12)

સેકન્ડરી વિશેષ શિક્ષણ વિકાસલક્ષી વિકલાંગો (DD) સઘન સહાય કાર્યક્રમો (ISP) ના વર્ગને 10 વિદ્યાર્થીઓ સુધી સીમિત રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓ દરરોજ સ્કૂલમાં જવા માટે સક્ષમ છે કારણ કે તેઓને સમૂહમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે અને તેમના તમામ વિશેષ શિક્ષણ વર્ગો સાથે લઈ શકે છે. વિદ્યાર્થીઓ સેમેસ્ટર મોડેલનું પાલન કરશે.

એકીકરણ (પ્રતિભાશાળીઓ સહિત) સાથેના ISP વર્ગોના સેકન્ડરી વિદ્યાર્થીઓ, જે ખાસ કરીને વિશેષ શિક્ષણ વર્ગો અને નિયમિત સ્કૂલ અભ્યાસક્રમોમાં નિયત કરવામાં આવે છે, તેઓ તેમના સાથીઓની સાથે વર્તમાન એકીકરણ સુનિશ્ચિત કરવા માટે ક્વાડમેસ્ટર સેકન્ડરી સ્કૂલના મોડેલને અનુસરીને સ્કૂલમાં આવશે.

સેકન્ડરી ISP 6-16 વિદ્યાર્થીઓ સુધી સીમિત છે. વિદ્યાર્થીઓ વિશેષ શિક્ષણ અભ્યાસક્રમો પ્રાપ્ત કરતા એક સમુદાય તરીકે ભાગ લઈ શકશે. ખાસ કરીને, આ ISP માં MID, LD, ASD, DHH અને PD શામેલ હશે અને બિન-વિશેષ શિક્ષણના અભ્યાસક્રમો માટે તેમના સાથીદારો સાથે સમૂહમાં રાખવામાં આવશે. પ્રતિભાશાળીઓના ISP વર્ગોને 30 વિદ્યાર્થીઓ સુધી સીમિત રાખવામાં આવ્યા છે અને તેમને વિશેષ શિક્ષણ અને બિન-વિશેષ શિક્ષણ વર્ગો માટેના બે સમૂહોમાં વહેંચવામાં આવશે. આ સ્કૂલની જરૂરિયાતોના આધારે સ્થાનિક રીતે બદલાઈ શકે છે.

વિદ્યાર્થીઓએ દૈનિક ભાગ લઈ શકે તેવી છ કોન્ગ્રેગેટેડ સેકન્ડરી સ્કૂલની સાઇટ સેમેસ્ટર મોડેલનું પાલન કરશે. કોન્ગ્રેગેટેડ સેકન્ડરી સ્કૂલની સાઇટ સેન્ટ્રલ ઇટોબિકોક હાઇ સ્કૂલ, ડ્રેવરી સેકન્ડરી સ્કૂલ, ફ્રેન્ક ઓકે સેકન્ડરી સ્કૂલ, મેપલવુડ હાઇ સ્કૂલ, સર વિલિયમ ઓસ્લર હાઇ સ્કૂલ અને યોર્ક હમ્બર હાઇ સ્કૂલ છે.

**વર્ચ્યુઅલ સ્કૂલ (કિન્ડરગાર્ટનથી ગ્રેડ 12)**
માતાપિતા/વાલીઓ કે જેઓ તેમના બાળકોને ઘરેથી શીખવવા માંગે છે તેઓ દૂરસ્થ શિક્ષણ વિકલ્પ પસંદ કરી શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને વેબસાઇટની મુલાકાત લો. એલિમેન્ટરી અને સેકન્ડરી.

જો માતાપિતા/વાલીઓ દૂરસ્થ શિક્ષણથી પ્રારંભ કરવાનું અને પછી સ્કૂલમાં શિક્ષણ પર પરત ફરવાનું નક્કી કરે છે, તો વિદ્યાર્થીઓ તેમનું ISP પ્લેસમેન્ટ ગુમાવશે નહીં. વર્ચ્યુઅલ સ્કૂલમાં પ્રવેશ કરવાની અથવા સ્કૂલ વર્ષ દરમિયાન મુખ્ય તારીખોમાં વ્યક્તિગત રૂપે ભણવામાં પરત આવવાની તકો હશે. એલિમેન્ટરી અને સેકન્ડરી પરિવર્તનો માટેની તારીખો જુઓ. જો નિયુક્ત સમયની બહાર પરિવર્તનની આવશ્યકતા હોય, તો અપવાદો હોઈ શકે છે અને પ્રિન્સિપાલ દ્વારા કેસ-દર-કેસના આધારે સમીક્ષા કરવામાં આવશે.

**સ્કૂલમાં અથવા વર્ચ્યુઅલ શિક્ષણ માટે નોંધણી**
આ અઠવાડિયે, કોન્ગ્રેગેટેડ સેકન્ડરી સાઇટે હાજર રહેલા બાળકોના માતાપિતા/વાલીઓ અને સેકન્ડરી DD ISP

ના તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત અથવા દૂરસ્થ શિક્ષણ માટે નોંધણી કરાવવા એક ઇમેઇલ મોકલવામાં આવશે.

બધા માતાપિતા/વાલીઓ, જેઓએ આ મહિનાની શરૂઆતમાં પૂર્વ નોંધણી સર્વેક્ષણ માટે જવાબ આપ્યા છે, તેઓએ આ નોંધણી પૂર્ણ કરીને તેમના બાળકો માટે નોંધણીની પુષ્ટિ કરવી જરૂરી છે.

ઇમેઇલમાં દરેક વિદ્યાર્થી માટે ઓનલાઇન નોંધણી ફોર્મની અનન્ય લિંક હશે અને આ લિંક શેર કરી શકાતી નથી. એક કરતા વધુ બાળકો ધરાવતા માતાપિતા/વાલીઓને બાળક દીઠ એક ઇમેઇલ પ્રાપ્ત થશે અને દરેક બાળક માટે એક અલગ નોંધણી પૂર્ણ કરવાની જરૂર રહેશે. ઓનલાઇન નોંધણી 20 વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

ફક્ત માતાપિતા/વાલીઓ કે જેમની પાસે ફાઇલ પર ઇમેઇલ સરનામું નથી અથવા જેમણે ઓનલાઇન નોંધણી પૂર્ણ કરી નથી, તેઓને તેમની પસંદગી કરવાનું કહેતો નોંધણી ફોન કોલ આવશે. વધુ માહિતી માટે અને નોંધણીના વિવિધ વિકલ્પો વિશે જાણવા માટે, અમે બધા માતાપિતા/વાલીઓને TDSB વેબસાઇટની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરીએ છીએ.

**બુધવાર, ઓગસ્ટ 26**: માતાપિતા/વાલીઓને ઇમેઇલ મોકલવામાં આવે છે અને નોંધણી ખુલે છે
**સોમવાર, ઓગસ્ટ 31:** કોન્ગ્રેગેટેડ સાઇટ અને સેકન્ડરી DD ISP વિદ્યાર્થીઓ માટે નોંધણી બંધ છે

**<u>આગામી પગલાં</u>**
અમે આગામી દિવસોમાં પરિવારોને સૂચિત અને અપડેટ કરવાનું ચાલુ રાખીશું. અમે તમામ મતો અને વિચારણાઓને સમાવીએ છીએ તે સુનિશ્ચિત કરવા માટે અમે અમારા વહીવટકારો, SEAC સ્કૂલમાં પરત ફરવા માટેની પેટા-સમિતિ અને સ્ટાફનું સ્કૂલમાં પરત ફરવા માટેની વિશેષ શિક્ષણ અને સમાવિષ્ટ પેટા-સમિતિ સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીએ છીએ. સ્કૂલ માટે અમારા સ્વાસ્થ્ય અને સલામતી માર્ગદર્શિકા વિશે વધુ જાણો.

આ મહત્વપૂર્ણ કાર્ય ચાલુ રહેતાં તમારા સતત ધૈર્ય માટે અમે ફરી એકવાર તમારો આભાર માનીએ છીએ. કૃપા કરીને જાણો કે પ્રિન્સિપાલ શક્ય તેટલી વહેલી તકે પરિવારો સાથે સ્કૂલ-વિશિષ્ટ માહિતી શેર કરવાનું શરૂ કરશે. અમે જાણીએ છીએ કે તમને ઘણા પ્રશ્નો અને ચિંતાઓ છે, અને સ્ટાફ જરૂરી માહિતી પ્રદાન કરવા અને તમને જાણ કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરવાનું ચાલુ રાખશે.

અમે આમાં સાથે છીએ અને અમે બધા વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પરિવારોના સ્વાસ્થ્ય અને સલામતીની ખાતરી કરવા માટેનું એક સામાન્ય લક્ષ્ય શેર કરીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે સ્કૂલે પરત આવવું એ દરેક માટે શક્ય

તેટલું સરળ બને અને તે માટે આપણે સાથે કામ કરવાનું ચાલુ રાખવું જરૂરી છે.

સાદર,

કાર્લેન જેક્સન
શિક્ષણ નિયામક

એલેક્ઝાન્ડર બ્રાઉન
અધ્યક્ષ